સ.શિ.પ. / જુલાઈ ૯૯ / ૪,૦૦૦

# બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા
## સત્સંગ શિક્ષણ પરીક્ષા

# સત્સંગ પરિચય

## પ્રશ્નપત્ર - ૧

**સવારે ૯ થી ૧૧:૧૫]** (રવિવાર, ૧૮ જુલાઈ, ૧૯૯૯) **કુલ ગુણ : ૭૫**

**નોંધ : જમણી બાજુએ આપેલા અંકો જે તે પ્રશ્નના ગુણાંક દર્શાવે છે.**

(વિભાગ - ૧ સહજાનંદ ચરિત્ર)

**પ્ર.૧. નીચેનામાંથી કોઈ પણ બે વિધાનો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો.** ૬

૧. ''મને આપની હજૂરની સેવામાં રાખો.''

૨. ''અરે ! મેં ગાંડીએ ભૂલથી આપને છાશ પાઈ દીધી છે.''

૩. ''આપ પુરુષોત્તમ નારાયણ પધાર્યા અને પાછળ કંઈ મૂક્તા ન જાવ તો તમારો આ લોકમાં ફેરો અફળ જાય.''

૪. ''અમારું સ્વરૂપ આ સાધુરૂપે અહીં રાખ્યું છે.''

**પ્ર.૨. નીચેનામાંથી કોઈ પણ બે વિષે કારણો આપો. (બારેક લીટીમાં)** ૮

૧. રામચંદ્ર શેઠને શ્રીજીમહારાજનો નિશ્ચય થયો.

૨. ઉમરેઠના બ્રાહ્મણો મહારાજના આશ્રિત થયા.

૩. 'સાવ કબૂતરના કબૂતર રહ્યા.' એમ મહારાજે પરમહંસોને કહ્યું.

૪. મુક્તાનંદ સ્વામીએ ગુણાતીતાનંદ સ્વામીને ધાબળો અપાવ્યો.

**પ્ર.૩. નીચેનામાંથી કોઈ પણ બે વિષે મુદ્દાસર વિવરણ લખો. (બારેક લીટીમાં)** ૮

૧. જામનગરમાં સંતમંડળ.

૨. શ્રીજીમહારાજના પ્રાગટ્યના છ હેતુઓ.

૩. આણંદમાં અપમાન.

૪. 'મીઠા વ્હાલા કેમ વિસરું ?'

**પ્ર.૪. નીચેના પ્રશ્નોના એક વાક્યમાં જવાબ આપો.** ૫

૧. કોના સંકલ્પથી કીડીઓ વૈકુંઠમાં ગઈ ?

૨. શ્રીજીમહારાજે શાકોત્સવ ક્યાં કર્યો ?





૩. શ્રીજીમહારાજ ક્યારે ધામમાં પધાર્યા ?

૪. મહારાજે ક્યા ચાર સંતોને સદ્‌ગુરુપદે નીમ્યા ?

૫. વણકર તેજા ભગતે મહારાજ પાસે શું માગ્યું ?

**પ્ર.૫. નીચેનામાંથી કોઈ પણ એક વિષયનું નિરૂપણ કરો અને તેનો ટૂંકમાં ભાવાર્થ લખો.** ૫

૧. સૌનું કલ્યાણ કરવું છે.

૨. સહજાનંદરૂપી સૂર્ય.

૩. જૂનાગઢના નવાબને નિશ્ચય.

(વિભાગ - ૨ સત્સંગ વાચનમાળા ભાગ-૨)

**પ્ર.૬. નીચેનામાંથી કોઈ પણ બે વિધાન કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો.** ૬

૧. ''તમે સંકલ્પ ન કરો તો તમારી ખોટ.''

૨. ''તેમને પૂછો જે કેમ આવ્યા છો ને અહીં રોકાશો ?''

૩. ''જાવ, તમે વિમુખ છો, આજથી જોડા પહેરશો નહીં.''

૪. ''જો પરાજય પામીને આવશો, તો તમારું વર્ષાસન બંધ કરી દઈશ.''

**પ્ર.૭. નીચેનામાંથી કોઈ પણ બે વિષે કારણો આપો. (બારેક લીટીમાં)** ૮

૧. ગ્વાલિયરના ગવૈયાઓ મંત્રમુગ્ધ બની ગયા.

૨. મહારાજને દાદાથી છૂટા થવાનું મન થતું નહિ.

૩. મૂળજી બ્રહ્મચારીને સંસાર પ્રત્યે વૈરાગ્ય ઉદય થયો.

૪. કૃષ્ણજી અદાએ હિમરાજભાઈ સાથેનો સંબંધ તોડી નાંખ્યો.

**પ્ર.૮. નીચેનામાંથી કોઈ પણ બે વિષે મુદ્દાસર વિવરણ લખો. (બારેક લીટીમાં)** ૮

૧. શ્રીજીમહારાજે નિત્યાનંદ સ્વામીની કરેલ પ્રશંસા.

૨. અયોધ્યાપ્રસાદજી મહારાજનો દેહનો અનાદર.

૩. દાદાખાચરનો સમર્પણભાવ.

૪. ત્યાગી થવાનો જાગાભક્તનો દૃઢ નિર્ધાર.

**પ્ર.૯. નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં આપો.** ૬

૧. મહારાજે પ્રેમાનંદ સ્વામીનું 'નિજબોધાનંદ' નામ શા માટે બદલ્યું ?

૨. મૂળજી બ્રહ્મચારીને ધામમાં તેડી જવા માટે કઈ શરત મહારાજે મૂકી ?

૩. ગુણાતીતાનંદ સ્વામીએ જાગાભક્તને કયું વચનામૃત પોતાનું કરવા કહ્યું ?

૪. અયોધ્યાપ્રસાદજી મહારાજે સોનાના થાળમાં જમવાનો કોને આગ્રહ કર્યો ?

૫. લાડુબા જીવુબા વચ્ચે સેવાની ખેંચતાણનો મહારાજે શો ઉકેલ આપ્યો ?

૬. ‘જ્ઞાન-યજ્ઞ’ની જોડી એટલે શું ?

**(વિભાગ - ૩ નિબંધ)**

**પ્ર.૧૦. નીચેનામાંથી કોઈ પણ એક વિષય પર આશરે ૪૫ લીટીમાં નિબંધ લખો. ૧૫**

૧. સત્સંગ કરવામાં અવરોધરૂપ વર્તમાનકાળનાં દૂષણો.

૨. કથાવાર્તા સત્સંગનો પાયો.

૩. સંસ્થા વિકાસ માટે પ્રમુખસ્વામીએ વેઠેલ ભીડો.

✿ ✿ ✿